ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

માતરમાં 3 વર્ષ પહેલા તત્કાલીન મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ મામલતદાર કચેરીમાં કરેલી તપાસ બાદ થયેલી કાર્યવાહીમાં વિવાદ

માતરમાં બિનખેડૂત કેસમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ

કલેક્ટરે પુરાવાઓના આધારે ખેડૂતનું નામ 7/12માં પુનઃ સ્થાપિત કરવાનો હુકમ કરતા ભ્રષ્ટ અધિકારીઓ ખુલ્લા પડ્યા

(પ્રતિનિધિ) નડિયાદ, માતર તા.25

માતરમાં ત્રણ વર્ષ પહેલા તત્કાલીન મહેસુલ મંત્રીએ મામલતદાર કચેરી ખાતે પહોંચી જમીન ખરીદીમાં શંકાઓ વ્યક્ત કરી હતી. જે તે સમયે માતરમાં 500 જેટલા બિનખેડૂતો જમીન ખરીદી હોવાનો ઘટસ્ફોટ થતાં તપાસનો ધમધમાટ શરૂ થયો હતો. પરંતુ ત્રણ વર્ષની તપાસમાં 50 જ કિસ્સામાં બિન ખેડૂત જાહેર થયાં છે. તેમાં પણ અમદાવાદ રહેતા વેપારીને ખોટી રીતે બિનખેડૂત જાહેર કરાયાનો મામલો ઉપસ્થિત થયો છે. આ અંગે વેપારીએ મામલતા, ડેપ્યુટી કલેક્ટર સહિતના અધિકારી સામે આક્ષેપ કરતાં ચકચાર મચી ગઈ હતી.

માતર તાલુકાના ચકચારી જમીન પ્રકરણમાં મહેસૂલ વિભાગના અધિકારીઓની ભ્રષ્ટ મિલીભગતના આક્ષેપો થયાં છે. જેમાં વર્ષ 1930થી ખેડૂત હોવાના પુરાવા હોવા છતાં એક સાચા ખેડૂતને જાણીજોઈને બિન-ખેડૂત જાહેર કરી દેવાયા હતા. આ અન્યાય સામે લાંબી લડત ચલાવનાર ખેડૂતે આક્ષેપ કર્યો છે કે તપાસના નામે 450 જેટલા શંકાસ્પદ ખેડૂતોને ક્લીનચિટ આપી દેવામાં આવી છે. અંતે કલેક્ટરે ખેડૂતના દસ્તાવેજોની સત્યતા સ્વીકારીને તેમના નામ રેકોર્ડ પર પુનઃ સ્થાપિત કરવાનો હુકમ કરતા જવાબદાર અધિકારીઓની પોલ ખુલ્લી પડી ગઈ છે.

ચરોતરમિત્ર
ગુજરાતમિત્ર
માતર મામલતદાર કચેરીની આકસ્મિક મુલાકાત દરમિયાન મહેસુલમંત્રીએ 400 કરોડના કૌભાંડનો પર્દાફાશ કર્યો
માતરમાં બોગસ ખેડૂતોએ બે હજાર વિઘા જમીન ખરીદી
ખોગસ ખેડુત ગમે તેટલો મોટો ચમરબંધી હશે તો પણ તેને છોડવામાં નહીં આવે, તમામ જમીન સરકાર હસ્તક કરાશે : રાજેન્દ્રભાઈ ત્રિવેદી

ખેડા જિલ્લાના માતર તાલુકામાં વર્ષ 2022માં તત્કાલીન મહેસૂલ મંત્રીના આદેશ બાદ તપાસમાં આવેલું જમીન પ્રકરણ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યું છે, જ્યાં સાચા ખેડૂત મોસીનભાઈ શેખને અન્યાય થતા તેમણે અધિકારીઓના ભ્રષ્ટાચાર પર ગંભીર આક્ષેપો કર્યા છે. મોસીનભાઈ પાસે પેઢી દર પેઢી ખેડૂત હોવાના સચોટ દસ્તાવેજી પુરાવા ઉપલબ્ધ હોવા છતાં, જમીન સુધારણા અધિકારી વિમલ ચૌધરી, મામલતદાર વી. પી. પુરોહિત અને નાયબ મામલતદાર હર્ષદ પરમારે સત્તાનો દુરુપયોગ કરી તેમને બિન-ખેડૂત ઠેરવી તેમની કિંમતી જમીન 'શ્રી સરકાર' કરી દીધી હતી. જેની તપાસ દરમિયાન અંદાજે 500 જેટલા શંકાસ્પદ ખેડૂતોની ખરાઈ કરવાની હતી, જેમાંથી માત્ર 50 લોકોને જ બિન-ખેડૂત જાહેર કરવામાં આવ્યા હતા, જ્યારે બાકીના 450 જેટલા અરજદારોને શંકાસ્પદ રીતે ખેડૂત તરીકે માન્ય રાખી દેવાયા છે. આ પ્રક્રિયામાં મામલતદાર દ્વારા પૂરતી ચકાસણી કર્યા વિના જ 80C મુજબની નોટિસો ફટકારીને સાચા ખેડૂતોને ટાર્ગેટ કરવામાં આવ્યા હોવાનો ગંભીર આક્ષેપ કર્યા છે.

મોસીનભાઇએ નવેમ્બર-2024માં આપઘાતનો પ્રયાસ કર્યો હતો

તંત્રની આ જોહુકમી અને અન્યાયથી કંટાળીને મોસીનભાઈએ ગત 21 નવેમ્બર 2024ના રોજ આપઘાતનો પ્રયાસ કર્યો હતો, જેમાં તેઓ 72 કલાક સુધી ICUમાં મૃત્યુ સામે જંગ લડ્યા બાદ બચી ગયા હતા. હોસ્પિટલમાંથી બહાર આવ્યા પછી તેમણે હિમત હાર્યા વિના RTI હેઠળ જરૂરી તમામ પુરાવાઓ એકત્રિત કર્યા અને કલેક્ટર સમક્ષ રજૂઆત કરી હતી કે તેઓ વર્ષ 1930થી ખેડૂત ખાતેદાર છે. કલેક્ટરે આ પુરાવાઓની ગંભીરતાથી નોંધ લઈ માત્ર 5 મહિનાના ટૂંકા ગાળામાં મોસીનભાઈને ખેડૂત ઠેરવી તેમના 7/12ના ઉતારામાં નામ પુનઃ સ્થાપિત કરવાનો હુકમ કર્યો છે.

2022માં કૌભાંડ સામે આવ્યુ હતુ

રાજ્ય સરકારના તત્કાલિન મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ 6 ઓગસ્ટ 2022ના રોજ માતર મામલતદાર કચેરીમાં ઓચિંતી તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન કુલ 1730 જેટલી ફેરફાર નોંધોની ચકાસણી કરવામાં આવી હતી, જેમાંથી 628 નોંધો ભારે શંકાસ્પદ જણાઈ હતી. પ્રાથમિક તપાસમાં અંદાજે બે હજાર વીઘા જેટલી જમીન બોગસ ખેડૂતોએ ખરીદી હોવાનું બહાર આવ્યું હતું. આ જમીનોની અંદાજિત બજાર કિંમત 200 કરોડ રૂપિયા જેટલી આંકવામાં આવી હતી. મંત્રીએ તે સમયે ખાતરી આપી હતી કે 'સાચા ખેડૂતને દંડ નહીં થાય અને ખોટા વ્યક્તિ બચશે નહીં'. જોકે, મોસીનભાઈ શેખના કિસ્સામાં સામે આવ્યું છે કે અધિકારીઓએ આ તપાસનો ગેરલાભ લઈ સાચા ખેડૂતને અન્યાય કર્યો હતો, જેને હવે કલેક્ટરે સુધાર્યો છે.

મારા તમામ હુકુમો ડીસીએલઆરએ રીવ્યુ કર્યા છે

માતરના પૂર્વ મામલતદાર વી.કે.પુરોહિતે જણાવ્યું હતું કે નોટીસો હું હાજર થયો તેની પહેલાં આપવામાં આવી હતી. વધુ વિગતો તો મારી પાસે નથી કેમકે એક વર્ષ પહેલા મારી બદલી થઈ ગઈ છે. જોકે ટ્રિબ્યુનલની સામે તો આક્ષેપ જ ના થાય. મારા તમામ હુકુમો ડીસીએલઆરએ રીવ્યુ કર્યા છે. દરેક ઓર્ડર ડેપ્યુટી કલેક્ટર પાસે કમ્પલસરી મોકલવાના હોય અને આપણે પણ દરેક ઓર્ડર મોકલેલા જ છે. જેમાંથી અમુક માન્ય રહ્યા હોય અને અમુક રદ થઈ ગયા હોય તેવું બને. ક્યારેક આપણો નિર્ણય માન્ય રહ્યો હોય, મારા બધા ઓર્ડર સો ટકા ડીસીએલઆર પાસે રીવ્યુમાં ગયા હોય. એવું ના હોય કે હું એકલો જ કરી શકું અને હું કરું એ ફાઇનલ એમ પણ ન હોય અને જે કોઈ અરજદારને તકલીફ હોય એણે અપીલ પણ કરી હોય.

બાલાસિનોરમાં કમળાની વકરતી પરિસ્થિતિ વચ્ચે કલેક્ટર પહોંચ્યાં

બાલાસિનોરના અસરગ્રસ્ત વિસ્તારોની કલેક્ટરે રૂબરૂ મુલાકાત લીધી

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.25

બાલાસિનોર તાલુકાના શહેરી વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી હેપેટાઈટિસ-A (કમળા)ના કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળતા વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મહીસાગર કલેક્ટરે આ મુદ્દાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને બાલાસિનોરના અસરગ્રસ્ત વિસ્તારોની સીધી મુલાકાત લીધી હતી. કલેક્ટરે આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે સ્થિતિની સમીક્ષા કરી જરૂરી સૂચનાઓ આપી હતી.

તસવીરઃ ધર્મિષ્ઠાબા કે. ઝાલા

મહિસાગર કલેક્ટરે ખાસ કરીને કમળાના વધુ કેસો ધરાવતી નીલમ સોસાયટી અને જલારામ સોસાયટી સહિતના અન્ય અસરગ્રસ્ત વિસ્તારોમાં જઈને પરિસ્થિતિનું તલસ્પર્શી નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન તેમણે સ્થાનિક નાગરિકો સાથે સીધો સંવાદ સાધ્યો હતો અને તેમની સમસ્યાઓ તેમજ આરોગ્ય વિષયક પ્રશ્નો અંગે વિગતવાર ચર્ચા કરી હતી. વહીવટી વડાને પોતાની વચ્ચે જોઈને સ્થાનિકોએ પણ પોતાના પ્રશ્નો નિખાલસતાથી રજૂ કર્યા હતા.

આ મુલાકાત દરમિયાન કલેક્ટરે આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવી રહેલા ડોર-ટુ-ડોર સર્વેની કામગીરી ચકાસી હતી. તેમણે સ્થાનિકોને પૂછપરછ કરી હતી કે, આરોગ્ય વિભાગ દ્વારા વાયરસ અંગે જનજાગૃતિના કાર્યક્રમો કરવામાં આવે છે કે નહીં. કલેક્ટરે નાગરિકોને અપીલ કરતા જણાવ્યું હતું કે, રોગચાળાને નિયંત્રણમાં લેવા માટે સાવચેતી ખૂબ જરૂરી છે, તેથી દરેક નાગરિકે પાણી ઉકાળીને પીવું અને સ્વચ્છતા જાળવવી જેથી વાયરસના ફેલાવાને અટકાવી શકાય. ટૂંક સમયમાં જ આ રોગચાળા પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવાશે.

આણંદમાં છરા વડે કેક કાપવાનું ભારે પડયુ

(પ્રતિનિધિ) આણંદ તા.25

આણંદના લોટીયા ભાગોળ પાસે છરા વડે કેક કાપીને જન્મદિવસ મનાવતા પોલીસે કાર્યવાહી કરી હતી.

આણંદ ટાઉન પોલીસને સોશિયલ મિડીયા પર છરા વડે કેક કટીંગ કરવાની ગેરકાનુની પ્રવૃતી જોવા મળી હતી..જેને લઈને પોલીસ હરકતમાં આવી હતી..અને વિવાદાસ્પદ વિડીયો અંગે પોલીસે તપાસ પડતાલ ચલાવી હતી.ત્યારે લોટીયા ભાગોળ વ્યામશાળા તળાવ પરનો વિડીયો હોવાનું જણાયુ હતુ... જાહેરનામાની પરવાહ કર્યા જન્મ દિવસ ઉજવનાર જયદીપભાઇ ગોવિંદભાઇ ગોહેલરહે.લોટીયા ભાગોળે રાત્રીના નવેક વાગ્યે છરા વડે કેક કાપી હોવાનુ અને ફટકડા ફોડી ગુનાખોરી આચરી હતી.જે અંગે આણંદ ટાઉન પોલીસે ફરીયાદ નોંધી હતી.

આણંદ-નડિયાદના દેવાલયોમાં નાતાલની ધામધૂમથી ઉજવણી કરાઇ



આણંદના જીટોડીયા સ્થિત ચાવડાપુરાના નિત્ય સહાયક માતા મરિયમ દેવાલય ખાતે નાતાલ પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ચર્ચના મુખ્ય સભા પુરોહિત ફાદર જગદીશ મેકવાનના માર્ગદર્શન હેઠળ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આજનો ખ્રિસ્ત યજ્ઞ અર્પણ કરતા ફાદર આરોકે જણાવ્યું કે સત્યનો માર્ગ બતાવવા માટે પ્રભુ ઈસુ આ ધરતી ઉપર ઉતર્યા હતા. માનવ જાતને અંધકારમાંથી બહાર લાવવા આ બાળકે દુનિયામાં જન્મ લીધો હતો. આ સમયે ફાદર એન્થોની પિચાઈ, ફાદર પ્રમોદ, ફાદર વિજય, બ્રધર, સિસ્ટરો અને મોટી સંખ્યામાં ધર્મજનો હાજર રહ્યા હતા. અંતમાં સૌએ એકબીજાને પ્રભુ ઈસુના જન્મની નાતાલ પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

નડિયાદ પાસે કટીંગ : 22 લાખનો વિદેશી દારૂ ભરેલું કન્ટેનર પકડાયું

લોકલ ક્રાઇમ બ્રાંચે ગુતાલ પાસે દરોડો પાડી 65.91 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.25

ખેડા લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે વડતાલ પોલીસ મથકની હદમાં આવતા ગુતાલ વિસ્તારમાંથી વિદેશી દારૂના મોટા જથ્થા સાથે એક આરોપીને ઝડપી પાડ્યો છે.

ખેડા એલસીબીનો સ્ટાફ નાઈટ પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન નરસંડા ચોકડી પાસે ખાનગી બાતમીદારથી ચોક્કસ માહિતી મળી હતી કે, વાસુદેવ ઉર્ફે વાસુ તળપદા, કિશન ઉર્ફે બોડો તળપદા, રવિ તળપદા, ભુપેન્દ્ર ઉર્ફે ભોપો પરમાર અને ઉર્વેશ તળપદા નામના શખ્સોએ બહારના રાજ્યમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો મંગાવ્યો છે. આ જથ્થો ગુતાલ ગામે દશામાતાના મંદિરની સામે આવેલી નળીમાં કન્ટેનરમાંથી અન્ય વાહનોમાં કટિંગ કરવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે રેઈડ કરી હતી. પોલીસને જોઈને અંધારાનો લાભ લઈ કેટલાક માણસો નાસી છૂટ્યા હતા, પરંતુ પોલીસે પીછો કરીને અમિતકુમાર ઉર્ફે અંબુ તળપદા નામના એક ઈસમને ઝડપી પાડ્યો હતો. આ દરમિયાન દારૂ ભરેલા કન્ટેનરનો ચાલક વાહન લઈને ભાગવા જતા રસ્તામાં કન્ટેનર ફસાઈ ગયું હતું, જેથી ચાલક વાહન મૂકીને ખેતરોમાં નાસી ગયો હતો. પોલીસે સ્થળ પર તપાસ કરતા કન્ટેનર અને અન્ય વાહનોમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂ અને બિયરની કુલ 9156 નંગ બોટલો મળી આવી હતી, જેની કિંમત 22,19,040 રૂપિયા થાય છે. આ ઉપરાંત પોલીસે 22,80,000 રૂપિયાની કિંમતના ચાર વાહનો, 10,000 રૂપિયાનો એક મોબાઈલ ફોન અને કન્ટેનરમાં દારૂ છુપાવવા માટે રાખવામાં આવેલી 20,82,880 રૂપિયાની કિંમતની પ્લાસ્ટિકના દાણાની થેલીઓ કબજે કરી છે. પોલીસે પકડાયેલા એક આરોપી સહિત નાસી છૂટેલા અન્ય 10 શખ્સો વિરુદ્ધ વડતાલ પોલીસ મથકે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બોરસદમાં પશુ સાથે ક્રૂરતા દાખવા બદલ ત્રણને પાસા

બોરસદ પંથકમાં બે ગુના નોંધાતા કાર્યવાહી કરી

(પ્રતિનિધિ) આણંદ તા.25

આણંદ જીલ્લા પોલીસે અસામાજીક પ્રવતીઓ કરનાર ગુનાખોરોને પાઠ ભણાવવા પાસા તડીપારની કાર્યવાહી કરવાના આદેશો આપ્યા હતા..જે અન્વયે બોરસદ રૂરલ પોલીસે પાસા પ્રપોઝલ તૈયાર કરી જીલ્લા મેજીસ્ટ્રેટ આણંદને સુપરત કરી હતી. તો જીલ્લા મેજીસ્ટ્રેટે આરોપીઓને પાસા હેઠળ અટકાયત કરી જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો

બોરસદ રૂરલ પોલીસે પશુ અત્યાચારીઓને પાઠ ભણાવવા માટે પાસાની કલમો લગાવી હતી. ઈરફાન અલી બકસુઅલી સૈયદ, શકીલભાઇ ઉર્ફે ખાટકી ઈશાકભાઇ કુરેશી, તૌફિક શકીલભાઇ ઉર્ફે ખાટકી ઈશાકભાઇ કુરેશી (તમામ રહે. નપા તળપદ) વર્ષ 2020 તથા 2025 માં પશુ ક્રુરતા અધિનિયમ -1960 હેઠળ પકડાયેલા હતા. જે અન્વયે પોલીસે ગુનાખોરીની ગંભીરતાનો ધ્યાને લઇ પાસા પ્રપોઝલ તૈયાર કરી હતી.

આ દરખાસ્ત જીલ્લા મેજીસ્ટ્રેટ આણંદને મોકલવામાં આવી હતી. જે અન્વયે જીલ્લા મેજીસ્ટ્રેટે આરોપીઓને પાસા હેઠળ અટકાયત કરી જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો.ત્યારે પોલીસે ત્રણેય આરોપીઓની અટકાયત કરી લાજપોર સુરત મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપ્યા હતા. આ કાર્યવાહીના પગલે અન્યમાં ફફડાટ ફેલાયો છે.

કપડવંજમાં 2 તસ્કરો પકડાયાં ₹7.45 લાખનો મુદ્દામાલ જપ્ત

અમદાવાદથી ચોરી કરી ભાગ્યા હોવાનું ખુલ્યું

(પ્રતિનિધિ) કપડવંજ તા.25

કપડવંજ ટાઉન પોલીસે બે રીઢા તસ્કરને પકડી પાડી તેમની પાસેથી રૂ.7.45 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ બન્ને શખસે અમદાવાદથી લેપટોપ, કેમેરા લેન્સ, બેટરી સહિતનો મુદ્દામાલ ચોરી કર્યો હતો. આ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી અમદાવાદ પોલીસને હવાલે કર્યાં હતાં.

કપડવંજ ટાઉન પોલીસ ઇન્સ્પેક્ટર જનકસિંહ દેવડા તથા સર્વેલન્સ સ્ક્વોડની ટીમ કાર્યરત હતી. આ દરમિયાન સર્વેલન્સ સ્ક્વોડને બાતમી મળી હતી કે, અમદાવાદ શહેર એલીસબ્રીજ પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુનામાં ચોરાયેલો અસલ મુદ્દામાલ જેમાં કેમેરા, લેપટોપ,કેમેરાના લેન્સ.બેટરી, ગિંબલ સ્ટેન્ડ વિગરે સાથે બે ઇસમો એક્ટીવા ઉપર લઈને કપડવંજ શહેરમાં વેચાણ કરવા આવશે. આ બાતમી હકીકતના આધારે કપડવંજ દાણા ચોકડી ખાતે પોલીસ વોચ ગોઠવી હતી. બાતમી હકીકતના વર્ણન મુજબનું વાહન એક્ટીવા આવતા તેમાં સવાર બંન્ને ઇસમોને તપાસતા ઉપરોક્ત ગુનામાં ચોરાયેલ રૂ.7,45,300નો મુદ્દામાલ મળી આવ્યો હતો. બંન્ને આરોપીઓની અટકાયત કરી હતી.તથા મુદ્દામાલ કબ્જે કરી એલીસબ્રિજ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર ખાતે સોંપવાની તજવીજ હાથ ધરી હતી. આમ,અમદાવાદ શહેરના એલીસબ્રિજ પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી ગુનાનો અસલ મુદ્દામાલ કિંમત રૂ. 7,45,300નો હસ્તગત કરી કપડવંજ ટાઉન પોલીસ ટીમ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલી છે.

આ પકડાયેલા આરોપીમાં દર્શનકુમાર નટવરભાઈ દાનાભાઈ મકવાણા (ઉ.વ.23 રહે. રોહીતવાસ મીનાબજાર,તા. કપડવંજ) તથા તિર્થ ઘનશ્યામભાઈ રસીકલાલ કાછીયા પટેલ (ઉ.વ.21 રહે. કાછીયાવાડ રણછોડજી મંદીર પાસે,તા.કપડવંજ)નો સમાવેશ થાય છે.

આણંદના સશક્ત નારી મેળાના 3 દિવસમાં 10 .14 લાખનું વેચાણ થયું

ત્રણ દિવસ દરમિયાન લગભગ 39 હજાર જેટલા મુલાકાતીએ મહિલા ઉત્પાદકોના આત્મવિશ્વાસમાં વધારો કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.24

આણંદ જિલ્લામાં ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ત્રિ-દિવસીય સશક્ત નારી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 95 જેટલા સ્ટોલ દ્વારા મહિલાઓના રોજગાર વિકાસ માટેનું અનોખું માધ્યમ બન્યું હતું. આ સ્ટોલમાં ખાદ્યપદાર્થો, હસ્તકલા, વસ્ત્રો તથા ગૃહઉદ્યોગ આધારિત ઉત્પાદનોને મુલાકાતીઓ દ્વારા બોહળો પ્રતિસાદ મળ્યો હતો. આ નારી મેળાના 3 દિવસમાં લગભગ 39 હજાર જેટલા મુલાકાતીએ રૂ.10.14 લાખની ખરીદી કરી હતી.

આણંદ કલેક્ટર પ્રવીણ ચૌધરીએ સક્રિય પણે આ ત્રિ-દિવસીય મેળામાં જિલ્લાના નગરજનો તથા ખાસ કરીને તંત્રના અધિકારીઓ તથા કર્મચારીઓ પણ ખરીદી કરે તે માટે અપીલ કરી હતી. જેના પરિણામે જિલ્લામાં સશક્ત નારી મેળાને નોંધપાત્ર સફળતા મળી છે. આ સશક્ત નારી મેળામાં કુલ 95 સ્ટોલ દ્વારા મહિલાઓ દ્વારા નિર્મિત સ્વદેશી ચીજ વસ્તુઓના બોહળો પ્રતિસાદ જોવા મળ્યો હતો. જેમાં ખાદ્યપદાર્થો, હસ્તકલા, વસ્ત્રો તથા ગૃહઉદ્યોગ આધારિત ઉત્પાદનોને મુલાકાતીઓએ હોંશેહોંશે ખરીદી કરી હતી. જેનાથી મહિલા ઉત્પાદકોના આત્મવિશ્વાસમાં નોંધપાત્ર વધારો થયો છે.

આ આયોજનને જનસામાન્યનો પણ વિશાળ સહકાર મળ્યો હતો. મેળાના ત્રણ દિવસ દરમિયાન લગભગ 39 હજાર જેટલા મુલાકાતીઓએ ઉપસ્થિતિ નોંધાવી મહિલાઓના ઉત્પાદનોને પ્રોત્સાહન આપ્યું હતું. પરિણામે, મેળા દરમિયાન થયેલા કુલ રૂ.10.14 લાખ જેટલું વેચાણ થયું હતું. જેના પરિણામે મહિલા સ્વરોજગારને નવી ગતિ મળી છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225